# કાંકરિયામાં કચરા નિકાલ મુદ્દે એજન્સીને 10 લાખનો દંડ

**મનપાની** ગાઇડલાઇનનું ઉલ્લંઘન કરી ગેરકાયદે રીતે કચરો ઠાલવ્યો

**ભારે** વિરોધ ઊઠતાં મનપાનો તપાસનો ધમધમાટ, જવાબદારોને શોધી કાર્યવાહી કરાશે, કાંકરિયાથી કચરો દૂર કરવાની કામગીરી શરૂ

સુરતઃ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાંથી એકત્ર થતો કચરો ખજોદની સાઈટ પર લઈ જઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવા માટે મનપા દર મહિને લાખો રૂપિયાનું ચૂકવણું કરે છે.

જો કે, કોન્ટ્રાક્ટર દ્વારા મનપાની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરી સુરત જિલ્લાના મહુવા તાલુકાના કાંકરીયા ગામે ગેરકાયદે રીતે કચરો ઠાલવવામાં આવતો હોવાનો ગંભીર મુદ્દો બહાર આવ્યો હતો. આ ગેરકાયદે નિકાલના કારણે કાંકરીયા ગામમાં દુર્ગંધ, આરોગ્યને જોખમ અને પર્યાવરણને નુકસાન થતું હોવાનું જણાવી ગ્રામજનોએ વારંવાર વિરોધ નોંધાવ્યો હતો. તેમ છતાં કચરાનો નિકાલ ચાલુ રહેતા થોડા દિવસ પહેલા ગ્રામજનોએ કચરો ઠાલવવા આવેલી ગાડીઓને જપ્ત કરી ઉગ્ર વિરોધ કર્યો હતો.

આ ઘટનાએ ભારે ગાજ ઉઠાવતાં આખરે મનપા હરકતમાં આવી છે. સુરત મહાનગરપાલિકાએ કચરાનો નિકાલ કરનારી એજન્સી 'સિટી ટ્રાન્સપોર્ટ' સામે કડક કાર્યવાહી કરી રૂ.10 લાખનો દંડ ફટકાર્યો છે. સાથે જ શો-કોઝ નોટિસ ફટકારી સમગ્ર ઘટનાનો ખુલાસો માંગ્યો છે.

પાલિકાએ વધુ તપાસ શરૂ કરી હોવાનું પણ જણાવ્યું છે અને તપાસ પૂર્ણ થયા બાદ જવાબદારો સામે વધુ કાર્યવાહી કરવામાં આવશે. આ તરફ, ગ્રામજનોના સખ્ત વિરોધ બાદ સોમવારે બપોરથી કાંકરીયા વિસ્તારમાં ઠાલવાયેલો કચરો દૂર કરવાની કામગીરી શરૂ કરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

# બજેટ રિવ્યુ બેઠકઃ ટાર્ગેટ માટે આડેધડ ખર્ચ નહીં કરવા તાકીદ

**ચાલુ** નાણાકીય વર્ષ માટે 4902 કરોડની કેપિટલ જોગવાઇમાં 1000 કરોડનો કાપ મુકાશે

**આગલા** વર્ષનો રેકોર્ડ જાળવી રાખવા ડ્રાફ્ટ અને રિવાઇઝ બજેટનો રોડમેપ તૈયાર કરાયો

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૬-૨૭ના ડ્રાફ્ટ બજેટ અને વર્ષ ૨૦૨૫-૨૬ના રીવાઇઝ બજેટ માટેનો રોડમેપ તૈયાર કરવા મનપા કમિશનર શાલિની અગ્રવાલની અધ્યક્ષતામાં આજે તમામ વિભાગો, ઝોનના ડિવિઝનલ હેડ અને વિભાગીય વડાઓની બેઠક યોજાઈ હતી.

વર્તમાન નાણાકીય વર્ષમાં ૪૯૦૨ કરોડના જંગી કેપિટલ ખર્ચના બજેટના પૂરતા ઉપયોગને લઈને શંકાઓ વ્યક્ત થઈ રહી છે. લાંબા સમય સુધી ચાલેલા ચોમાસાને કારણે શહેરના વિકાસ કામોને અસર પહોંચી છે. તેમ છતાં હકીકત એવી છે કે, ગત વર્ષની તુલનામાં ચાલુ વર્ષે મનપાનો કેપિટલ ખર્ચ આગળ રહ્યો છે. જો કે છેલ્લા બે નાણાકીય વર્ષથી ૧૦૦ ટકા રીવાઇઝ બજેટ ઉપયોગનો રેકોર્ડ ધરાવતા મનપા કમિશનર શાલિની અગ્રવાલે બેઠકમાં અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે, બજેટમાં સમાવિષ્ટ તમામ પ્રોજેક્ટોની ટેન્ડર પ્રક્રિયા નીતિ-નિયમ મુજબ જ હાથ ધરવી, માત્ર બજેટ વાપરવા માટે આડેધડ ખર્ચને પ્રાધાન્ય ન આપવું. સાથે ટાર્ગેટ પુરો કરવા આડેધડ ખર્ચ ન કરવા પણ તાકીદ કરવામાં આવી હતી.

રીવ્યુ મીટિંગમાં બહાર આવ્યું હતું કે, ગત ૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં મનપાએ ૧૭૮૦ કરોડનો કેપિટલ ખર્ચ કર્યો હતો. જેની સામે ૫ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં આ આંકડો વધીને રૂપિયા ૧૯૦૦ કરોડ પહોંચ્યો છે.

આ વખતે ચોમાસુ લંબાયા છતા ગત વર્ષની સરખામણીએ ૧૨૦ કરોડ વધુ કેપિટલ ખર્ચ નોંધાયો છે. ગત નાણાકીય વર્ષમાં કુલ ૩૪૦૧ કરોડનો કેપિટલ ખર્ચ થયો હતો. હાલમાં જે ગતિ છે તે જળવાઈ રહે તો હજી પણ ૧૭૦૦થી ૧૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કેપિટલ પ્રોજેક્ટ પાછળ થવાની સંભાવના છે.

જો કે આમ છતાં રીવાઈઝ બજેટમાં મનપાને ૪૯૦૨ કરોડના કેપિટલ બજેટમાંથી ૧૦૦૦ કરોડથી વધુનો ઘટાડો કરવો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે ૪૦૦થી ૫૦૦ કરોડના ખર્ચવાળા ત્રણ એસટીપી પ્રોજેક્ટો હજુ ટેન્ડર સ્તરે અટવાયેલા છે અને નાણાકીય વર્ષ પૂરું થવા સુધી આ પૈકી એકપણ પ્રોજેક્ટ વાસ્તવિક રીતે શરૂ થાય તેવી શક્યતા નથી.

### મહત્વકાંક્ષી બેરેજ અને ડુમસ સી ફેઇસ 31 માર્ચ સુધીમાં ચાલુ થવાની શક્યતા નહીંવત

જો કે વિકાસ કામોમાં દર વર્ષે રેકોર્ડ કરતા મનપાના તંત્ર માટે નિષ્ફળતાની વાત એ છે કે, મનપાના મહત્વકાંક્ષી કન્વેન્શનલ બેરેજમાં વાસત્વિક કામગીરી 31 માર્ચ પહેલા ચાલુ થાય તેવી કોઇ શકયતા નથી. ઉપરાંત આવો જ ડ્રીમ પ્રોજેક્ટ ડુમસ સી-ફેસ પ્રોજેક્ટ સહિત કેટલાક મોટા પ્રોજેક્ટો પણ મંદ ગતિએ ચાલી રહ્યા છે, જેનાં 31મી માર્ચ પહેલા લોકાપર્ણ થવાની શકયતા નથી.

# કતારગામમાં વર્ક ઓર્ડર અપાયા બાદ સ્કૂલની જગ્યા જ બદલાઈ ગઈ

**ટીપી** 50, એફ.પી. 94માં સ્કૂલ બનાવવા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના હસ્તે ખાતમુહૂર્ત પણ કરી દેવાયું હતું

**શાસક**-વિપક્ષના નગર સેવકોનો વિરોધ છતાં અન્ય જગ્યાએ કામ ચાલુ કરી દેવાયું, વિપક્ષની ઉપવાસ પર ઊતરવા ચીમકી

સુરતઃ કતારગામ ટી.પી. 50 F.P. 94 પર માધ્યમિક શાળા બનાવવા માટે સ્થાયી સમિતિએ 17 જુલાઇ 2025ના રોજ ઠરાવ કર્યો હતો અને ઝોન દ્વારા 6 ઓગષ્ટ 2025ના રોજ ઈજારદારને વર્ક ઓર્ડર પણ આપી દીધો હતો. મનપા દ્વારા 17મી સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય મંત્રી અને તત્કાલીન પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે મેયરના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં આ સ્કૂલનું ખાતમુહૂર્ત પણ કરી દેવાયું હતું. જો કે ત્યાર બાદ આ સ્કૂલની જગ્યા મુદ્દે રાજકીય દાવપેચ ચાલુ થયા અને અન્ય જગ્યાએ સ્કૂલનું બાંધકામ ચાલુ કરી દેવાયું છે. ત્યારબાદ ભાજપના સ્થાનિક નગર સેવક નરેન્દ્ર પાંડવે 29મી ઓકટોમ્બરના રોજ મનપા કમિશનરને પત્ર લખી વિરોધ પણ કર્યો હતો. આ મુદ્દે વિપક્ષી કોર્પોરેટર ડૉ. કિશોર રૂપારેલિયા સહિત મનપા વિપક્ષ ઉપનેતા મહેશ અણઘણ, દંડક રચનાબેન હીરપરા અને વિપુલ સુહાગીયા મનપા કમિશનર અને મેયરને રજૂઆત કરી વિરોધ કર્યો હતો તેમજ જો સ્કૂલની જગ્યા બદલાશે તો ઉપવાસ પર ઉતરવાની ચીમકી આપી હતી.

### ડીસીઆરના ઉલ્લંઘન અને આધાર કેન્દ્રો મુદ્દે પણ રજૂઆત દરમિયાન ગરમાગરમી

કીશોર રૂપારેલીયાની આગેવાનીમાં વિપક્ષી સભ્યોએ મેયર અને કમિશનરને 4 મહિનાથી આધારકાર્ડની એજન્સી પગાર નહી ચુકવતી હોવાથી છાશવારે ચાલુ બંધ થતા સેન્ટરો નદીમાં ઠલવાતા ખાડીના ગંદા પાણી, નદીના બન્ને કાંઠે જે CGDCR ૨૦૧૭ માં જે ૨૦૨૦ ના કાયદા મુજબ ૩૦ મીટર અને ૧૫૦ મીટર વિસ્તારમાં બાંધકામને મંજૂરી અથવા આંશિક મંજૂરી આપી શકાય જેનું ઉલંઘન,પાર્કિંગ બાય લોઝનો અમલ થતો નથી, માર્કેટ બાય લોઝ પણ અમલમાં નથી વગેરે મુદ્દે પણ રજુઆત કરી જવાબો માંગતા ગરમા-ગરમી થઇ જવા પામી હતી.

### સન-1664ની 6ઠ્ઠી જાન્યુઆરીએ છત્રપતિ શિવાજી મહારાજે અંબાજી માતાના આશીર્વાદ લીધા હતા



■ સુરતના ભાગળ વિસ્તારમાં આવેલા જૂનું અંબાજી મંદિર પ્રાચીન મહત્ત્વ સાથે ઐતિહાસિક મહત્ત્વ પણ ધરાવે છે. સન 1664ની 6ઠ્ઠી જાન્યુઆરીના રોજ છત્રપતિ શિવાજી મહારાજ સુરત આવ્યા હતા. ત્યારે તેમને અંબાજી મંદિરે માતાજીના આશીર્વાદ લીધા હતા. માતાજીના દર્શન કરતાં છત્રપતિ શિવાજી મહારાજની તસવીર આજે પણ મંદિરમાં સચવાયેલી છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

## સિટીલાઈટમાં હાઈબ્રિડ ગાંજા સાથે એક ઝડપાયો

સુરતઃ સીટીલાઇટ વિસ્તારમાં "અગ્રેસન પોઇન્ટ શોપિંગ સેન્ટર"ના ખુલ્લા પેસેજમાં એક શખ્સ હાઇબ્રીડ ગાંજાનો વેપાર કરવાના ઈરાદે હાજર હોવાની બાતમી ઉમરા પોલીસને મળી હતી. પોલીસે તાત્કાલિક રેઇડ કરી આરોપી પ્રતિક ઉર્ફે બાબુ સરાવગી (ઉ.વ. ૨૬)ને ઝડપી લીધો હતો. આરોપી ભટારમાં અને હાલ સિટીલાઇટ વિસ્તારમાં પણ રહેતો હોવાનું તપાસમાં ખુલ્યું છે. પોલીસે આરોપી પાસેથી વનસ્પતિજન્ય માદકપદાર્થ 60 ગ્રામ "હાઈબ્રીડ ગાંજો" કબ્જે કર્યો છે, જેની અંદાજિત કિંમત રૂ.૨.૧૦ લાખ થાય છે. ઉપરાંત મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૨,૧૭,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ કેસમાં આરોપીના સાથીદાર તરીકે "આશય શાહ" નામના ઈસમની ભૂમિકા સામે આવતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. ઉમરા પોલીસ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

# ઇન્સ્ટા. પર સ્ટોરી મૂકતા જ ચોરો ઝડપાયા

**એન્જિનિયરિંગ** કંપનીમાં તાળાં તોડી ૧૧.૭૫ લાખની રોકડ ચોરી કેસમાં ૩ની ધરપકડ

**એક** આરોપીએ પૈસા ચોરી ઘર સામે રેતીના ઢગલામાં છુપાવી દીધા હતા

સુરત : ઉધના વિસ્તારમાં આવેલી એક એન્જિનિયરિંગ કંપનીમાં બે દિવસ પહેલા લોખંડના શટર અને તાળાં તોડી કુલ રૂપિયા ૧૧.૭૫ લાખની મતાની ચોરી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસે આ ગુનામાં બે આરોપીને મુંબઈની હોટેલમાંથી જ્યારે અન્યને ઉધના વિસ્તારમાંથી ઝડપી પાડ્યા છે. પોલીસે એક આરોપીએ ઘર સામે રેતીના ઢગલામાં છુપાવેલા 4 લાખ મળી 6 લાખ રોકડ જપ્ત કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીપલોદના રત્ન નીલમ એપાર્ટમેન્ટમાં રહેતા ૬૧ વર્ષીય અફરોઝ જીમી પાતલવાલા ઉધના રોડ નં-૬ (ઇ) પર 'ઇસ્ટર્ન એન્જિનિયરિંગ' નામની કંપની ભાગીદારીમાં ચલાવે છે. ગત તા. ૩૧ ડિસેમ્બરના રોજ સવારે સાડા આઠ વાગ્યે આવતા ઓફિસના દરવાજાનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું. ઓફિસમાં તપાસ કરતા તસ્કરોએ ટેબલના ખાનામાંથી રૂપિયા ૧૧,૭૦,૨૪૮ની રોકડ અને રૂપિયા ૫૦૦૦ની કિંમતની અગત્યનો ડેટા ધરાવતી એક્સટર્નલ હાર્ડ ડિસ્ક ચોરી લીધી હતી. અને પાછળના ભાગનું લોખંડનું શટર બેન્ડ કરી નાસી છૂટ્યા હતા.

સમગ્ર ઘટના અંગે અફરોઝભાઈએ ઉધના પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે શુભમ અને આનંદને મુંબઈની એક હોટલમાંથી પકડી પાડ્યા હતા. જ્યારે દીપકને ઉધના તેના ઘરેથી પકડી પાડ્યા હતા.

### પૈસા બિયર બારમાં ઉડાવ્યા હોવાની કબૂલાત કરી

એન્જિનિયરિંગ ખાતામાં ચોરી થયાની ઘટના બાદ ઉધના પોલીસે આજુબાજુના સીસીટીવી ચેક કરતા ભંગાર ચોરીના આરોપીની ઓળખ થઇ હતી. જે બાદ પોલીસે તેનું સોશ્યલ મીડિયા એકાઉન્ટ ચેક કરતા આરોપી ગો ટુ મુંબઈ અને પૈસાનું ઇમોજી મૂકી સ્ટોરી મૂકી હતી. જેથી શંકા જતા ટેક્નિક સર્વેલન્સના આધારે નેપાળી શુભમ અને આનંદને મુંબઈની એક હોટેલમાં ટ્રેસ કર્યા હતા. બંને આરોપીને પકડી પાડતા તેમની પાસેથી ૨ લાખ રિકવરી કરી બાકી પૈસા મામલે પૂછતા તેઓ એક કેમેરો અને બાઇક ખરીદી કર્યા હતા. અને હોટેલનું એક દિવસનું ૧૧ હજાર ભાડે રાખી બાકી પૈસા બિયર બારમાં ઉડાવ્યા હોવાની કબુલાત કરી હતી.

### દીપક અગાઉ પણ ભંગાર ચોરીમાં પકડાઇ ચૂક્યો છે

દીપક તેના ઘરે પકડાઇ જતા પોલીસે પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે તેઓ આ એન્જિનિયરિંગ ખાતામાં ભંગાર ચોરીના ઇરાદે ગયા હતા. પણ ત્યાં એક ડ્રોવર તોડતા તેમાંથી રોકડ મળી હતી.જેમાંથી તેણે 4 લાખ રાખ્યા હતા. જે રકમ તેણે તેના ઘરની સામે રહેલા રેતીમાં છુપાવી દીધી હતી. જેથી પોલીસે રેતીના ઢગલામાં છુપાવેલી થેલીમાંથી 4 લાખ રિકવરી કરી હતી.

### પકડાયેલા આરોપી

1. શુભમ ઉર્ફે નેપાલી શેરા સિંગ (૧૯ રહે. ઉધના બી.આર.સી. પાસેના ખંડેરમાં, મૂળ નેપાળ) 2. દીપક ઉર્ફે કાલીયો અનિલભાઈ જયસ્વાલ (૨૦ રહે. અશોક સમ્રાટ નગર, ઉધના) 3. આનંદ ઉર્ફે લક્કી રાજુભાઈ સોનવણે (૨૧ રહે. રવિતેજ એપાર્ટમેન્ટ, દાગીનાનગર, ઉધના)

## ચેક રિટર્નના કેસમાં વ્યવસાયીને એક વર્ષની સાદી કેદની સજા

સુરતઃ ફરીયાદી કલ્પનાબેન જીતેન્દ્રભાઈ પરમાર અને આરોપી શૈલેષભાઈ જીણાભાઈ નશીત બંને કેંગેન વોટર મશીનના વેચાણ એજન્ટ તરીકે સાથે કામ કરતા હતા. આરોપીએ પોતાના ધંધા માટે નાણાંની જરૂર જણાવી નવેમ્બર ૨૦૨૧માં ફરીયાદી પાસેથી રૂા. ૩.૫૦ લાખ ઉછીના લીધા હતા. ત્યારબાદ રૂા. ૧.૫૦ લાખ ઉછીના લીધા, જે બદલ આરોપીએ પ્રોમિસરી નોટ તથા પહોંચ લખી આપી હતી. બાદમાં આરોપીએ રૂા. ૧.૧૦ લાખ પરત ચૂકવ્યા અને બાકી રૂા. ૩.૯૦ લાખ ચૂકવવા ચેક આપ્યો હતો, પરંતુ તે ચેક રિટર્ન થયો હતો. ફરીયાદીએ એડવોકેટ રમેશ વી. સાનેપરા તથા નયન એન. માવાણી મારફતે કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. કેસમાં કોર્ટે આરોપી શૈલેષભાઈ નશીતને દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા સાથે ફરીયાદીને ચેકની બાકી રકમ ચૂકવવાનો હુકમ કર્યો છે.

# આજે અંગારકી ચોથ, પાલના સિધ્ધિ વિનાયક મંદિરમાં ગણેશયાગ

**અંગારકી** ચોથનો ઉપવાસ કરવાથી 21 ચોથ કર્યાનું ફળ અને પુણ્ય મળે છે

સુરતઃ આવતીકાલ તા.6 જાન્યુઆરી 2026ને મંગળવારે અંગારકી ચોથનો મહાપૂણ્યશાળી યોગ હોઈ, સુરતના પાલ પાટીયા સ્થિત સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિર ખાતે ગણેશ યાગનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સવારે 9 કલાકે ગણેશ યાગ શરૂ થશે અને સાંજે 4 કલાક બાદ તેની પૂર્ણાહૂતિ કરવામાં આવશે. તદુપરાંત સાંજે 7 કલાકે મહાઆરતી અને રાત્રે 8 કલાકે સમૂહ હનુમાન ચાલિસા ગાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. સિદ્ધી વિનાયક ગણપતિ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી નીતિન મહેતાએ વધુમાં જણાવ્યું હતું કે મંગળવાર સાથે વદ-ચોથ આવે તેને અંગારકી ચોથ કહેવાય છે.

જેને બીજા શબ્દોમાં સંકટ ચતુર્થી એટલે કે, સંકટમાંથી મુક્ત કરવાવાળી ચોથ તરીકે પણ ઓળખવામાં આવે છે. સંકષ્ટી ચતુર્થી એટલે ચતુર્થી જે સંકટને હરાવે છે. આ દિવસે ભક્તો વિધિ મુજબ ભગવાન ગણેશની પૂજા કરે છે. માન્યતા છે કે આ વ્રત કરવાથી ભક્તોના તમામ દુઃખ દૂર થાય છે દર મહિને પૂર્ણિમા પછી આવતી ચતુર્થીને સંકષ્ટી ચતુર્થી કહેવામાં આવે છે. જ્યારે અમાસ પછીની ચતુર્થીને વિનાયક ચતુર્થી કહેવામાં આવે છે. આમ મહિનામાં બે વાર ચતુર્થી વ્રત રાખવામાં આવે છે. એક અંગારકી ચોથનો ઉપવાસ કરવા પર 21 ચોથ કર્યાનું ફળ અને પુણ્ય મળે છે. નીતિન મહેતાએ ઉમેર્યું કે આગામી ફેબ્રુઆરી, માર્ચમાં જેમની પરીક્ષાઓ યોજાવાની છે, એવા વિદ્યાર્થીઓ અને વાલીઓ ભગવાન શ્રી સિદ્ધિ વિનાયક ગણપતિના દર્શન કરીને સકારાત્મક વાઈબ્સની અનુભૂતિ સાથે પરીક્ષા આપતા હોય છે.

# પાટીદાર સમાજને એક તાંતણે જોડવામાં આવશે

**ખોલવડમાં** જૂનાગઢ-ગીર સોમનાથ પાટીદારનો કાર્યક્રમ યોજાયો

**પ્રથમ** સ્નેહમિલન, સમૂહ લગ્ન અને વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

સુરતઃ જુનાગઢ-ગીર સોમનાથ જિલ્લાના અગ્રણી અને ખોડલધામના ટ્રસ્ટી દિનેશભાઇ કુંભાણીના અધ્યક્ષ સ્થાને પ્રથમ સ્નેહમિલન, સમૂહ લગ્ન અને વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન યમુના મહારાણી ફાર્મ ખોલવડ ખાતે રવિવારના રોજ રાત્રે યોજાયો હતો. જેમાં ત્રણ નવદંપતીઓ દ્વારા પ્રભુતામાં પગલાં પાડી પોતાના સાંસારિક જીવનની શરૂઆત કરી હતી. સમગ્ર જૂનાગઢ-ગીર સોમનાથ જિલ્લાના દરેક ગામમાંથી પાટીદાર સરપંચ, આગેવાનો, ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં ભવ્ય સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહની સાથે જુનાગઢ ગીર સોમનાથ પાટીદાર સંગઠન સુરત દ્વારા આગામી કાર્યક્રમોની પણ જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ગીર સોમનાથ જુનાગઢ જિલ્લાના પાટીદાર ડોક્ટરોનું સંગઠન બનાવવું, બંને જિલ્લાના સુરતમાં વસવાટ કરતાં તમામ પાટીદાર પરિવારોને એક સંગઠન હેઠળ જોડવા, જુનાગઢ ગીર સોમનાથ પાટીદાર સમૂહ લગ્ન, સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવું, બાળકો અને યુવાનોની ખેલ પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે રમોત્સવનું આયોજન કરવું, જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના પાટીદાર ઉદ્યોગપતિઓ તેમજ અધિકારીઓનું સંકલન અને સંગઠન બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

# યુવકને ફળિયાના પરિચિતની સમાજસેવા પસંદ ન આવી!

**ઉત્રાણના** કઠોર ગામની ઘટના, સમાજસેવકના નવા બંધાતા મકાન પર જઈ ધાંધલ મચાવી

**સમાજસેવકના** ભાણેજને ચપ્પુ માર્યું, ગ્રેનાઈટ-માર્બલ તોડ્યા, જાનથી મારવા ધમકી આપી

સુરતઃ ઉતરાણ વિસ્તારમાં ફળિયામાં જ રહેતા યુવક દ્વારા સમાજસેવામાં સક્રિય યુવકના પરિવાર પર જીવલેણ હુમલો કર્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે.

ઉતરાણના કઠોર ગામમાં છીપવાડ ફળિયામાં રહેતા અખ્તર હુસેન ગુલામ અબ્બાસ મોમીન, મોમીન સમાજમાં સમાજસેવાનું કાર્ય કરે છે. તેમના જ ફળિયામાં નવા મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. અખ્તર હુસેનના સામાજિક કાર્યને કારણે તેઓ વિસ્તારમાં જાણીતા છે, પરંતુ આ જ બાબત ગામના અન્ય યુવકને ખટકતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. છીપવાડ ફળિયામાં જ રહેતા ઈમદાદ હુસેન મુસ્તાક હુસેન પાનવાલાને અખ્તર હુસેનનું સમાજસેવાનું કાર્ય પસંદ ન હતું. આ મનદુઃખને કારણે તેણે ગત ૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાંજે અખ્તર હુસેનના નવા બની રહેલા મકાન પર પહોંચી ઝઘડો કર્યો હતો. તે સમયે મકાન પર અખ્તર હુસેનના ભાણેજ મહેરબાન હાજર હતા. આરોપી ઈમદાદ હુસેને મહેરબાનને ઢીકમુક્કીનો માર માર્યો હતો. બાદમાં ચપ્પુ વડે તેના માથા અને કપાળના ભાગે ઘા મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો હતો. એટલું જ નહીં, આરોપીએ નવા મકાનમાં લગાવાયેલા ગ્રેનાઈટ માર્બલ તોડી નાંખી નુકસાન પણ પહોંચાડ્યું હતું તેમજ અખ્તર હુસેન અને તેમના ભાણેજને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અખ્તર હુસેન મોમીને ફરિયાદ આપતા પોલીસે કેસ નોંધ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેલ મહાકુંભમાં જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા



સુરતઃ ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા (અન્ડર-17 અને અન્ડર-19 બોયઝ) માં વેસુની જીડી ગોએન્કા ઈન્ટરટનેશનલ સ્કૂલના પાંચ વિદ્યાર્થીઓ પૈકી ત્રણ પ્રથમ સ્થાન, બે દ્વિતીય સ્થાન અને ત્રણ તૃતીય સ્થાન પ્રાપ્ત થયા, તેમજ બે વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થયા હતા. આ ઉપરાંત, ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની સ્વિમિંગ સ્પર્ધા (અન્ડર-19 ગર્લ્સ)માં શાળાની એક વિદ્યાર્થિનીએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. બાસ્કેટબોલમાં, ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની સ્પર્ધા (અન્ડર-17 બોયઝ) માં નવ વિદ્યાર્થીઓએ ભાગ લઈ શહેર કક્ષાએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું, તેમજ બે વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થયા. આ ઉપરાંત, એસ.જી.એફ.આઈ. ફૂટબોલ રાજ્ય કક્ષાની સ્પર્ધા (અન્ડર-17 અને અન્ડર-19 બોયઝ) માં ત્રણ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું, જેમાંથી બે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કેમ્પ માટે પસંદ થયા હતા. આ સિદ્ધીમાં ફૂટબોલ કોચ દેવાંગ ભગત, એથ્લેટિક્સ કોચ નૈનેશ દુગ્રાણી, બાસ્કેટબોલ કોચ હરીશ વસાવા, સ્વીમીંગ કોચ રાહુલ મીના, ડોલ્ફી સારંગ, સ્પોર્ટ્સ ડિરેક્ટર આશિષ સિંહ તથા ઇનચાર્જ પ્રિન્સિપાલ હેતલ તામકુવાલાનો સહયોગ રહ્યો છે.

### ધ રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ કલા મહાકુંભમાં ઝળક્યા



સુરતઃ ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ કલા મહાકુંભ 2025-26 રાજ્ય કક્ષાની લોક નૃત્ય કલામહાકુંભ સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવ્યો છે. તેમણે રાજ્ય સ્તરે તેમની કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કર્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓએ તેમની કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કરીને રાજ્ય સ્તરે તેમની પ્રતિભા દર્શાવી છે. ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ અને તેમના કલાગુરુને તેમની સફળતા બદલ શાળાના ટ્રસ્ટી, કેમ્પસ ડાયરેક્ટર અને પ્રિન્સિપાલે શુભેચ્છા પાઠવી હતી.

### સેન્ટ્રલ બેંકના ઈડી મહેન્દ્ર દોહરે MSME આઉટરીચ માટે સુરતમાં




સુરતઃ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાએ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મહેન્દ્ર દોહરેના બે દિવસીય MSME આઉટરીચ કાર્યક્રમના ભાગ રૂપે સુરતમાં એક મેગા MSME ક્રેડિટ કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કર્યું. ટેક્સટાઈલ ક્ષેત્રના આશરે 35 લાભાર્થીઓને □105 કરોડના નવા મંજૂર ક્રેડિટ સુવિધાઓ હેઠળ ડિમાન્ડ ડ્રાફ્ટનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મહેન્દ્ર દોહરે, ઝોનલ હેડ સુનિલ કુમાર સરકાર, રિજનલ હેડ મનીષ વર્મા અને FOSTTA સુરતના પ્રેસિડેન્ટ કૈલાશ હકીમની હાજરી હતી.

### પંચમ્ ગ્રુપનો એસડી-આરડી બર્મનનાં ફિલ્મી ગીતોની સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા સંગીતકાર એસડી બર્મન અને આરડી બર્મનના ફિલ્મી ગીતોની સ્પર્ધાના જાહેર કાર્યક્રમો ૨૮મી ડિસેમ્બરના રવિવારે સ્વરાંગન સ્ટુડિયોમાં યોજાયો હતો. જેમાં એડવોકેટ વસંત રાઠોડ, સરોજ રાઠોડ, અનિલ મિસ્ત્રી, દીપ કાપડિયા, સતીશ પટેલ, ટીના દેસાઈ, સ્મિતા મેહતા, સાધના પંડ્યા, લતા સમુંદરે, ઇસ્માઇલ ખાન, તપન કર્ણિક, ડો સંજય જાની, અનિલ દલાલ, નૌશીર ભેસાણીયા, શરદ ઠક્કર, શ્રીનિવાસ રાવ, પ્રકાશ પટેલ અને નઝીર પઠાણને વિજેતા જાહેર કરાયા હતા. નિર્ણાયક તરીકે આર્કિ. કમલ ઉપાધ્યાયએ સેવા આપી હતી. પારિતોષિકની વ્યવસ્થા પંચમ ગ્રૂપે કરી. સંચાલન રીમા શર્માએ કર્યું.

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પુત્રીનો જન્મદિવસ સેવાકીય કાર્યો સાથે ઉજવાયો



સુરતઃ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની દિકરી નિર્વા સંઘવીનો 10નો જન્મદિવસ આજે નવી સિવિલ હોસ્પિ.માં દર્દીઓની વચ્ચે સેવાકીય કાર્યો સાથે ઉજવાયો હતો. આ અવસરે સિવિલમાં દાખલ બાળ દર્દીઓ માટે રમકડાં અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે ધાત્રીઓને બ્લેન્કેટ, હાઈજેનિક કીટ તેમજ છ માસના શિશુઓ માટે કપડાંની કિટ આપવામાં આવી હતી. જન્મદિનની ઉજવણી દરમિયાન પ્રથમવાર મસ્ક્યુલર ડિસ્ટ્રોફીથી પીડિત એક બાળ દર્દીને ઇલેક્ટ્રિક વ્હીલચેર અર્પણ કરવામાં આવી હતી. સાથે જ ફેશિયલ પાલ્સીથી પીડિત બાળ દર્દીઓને ટોર્ચ પ્રોજેક્શન એજ્યુકેશન કિટ પણ ભેટરૂપે આપવામાં આવી હતી. કાર્યક્રમમાં નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. ધારિત્રી પરમાર, આરએમઓ ડો. કેતન નાયક, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### તમે ધર્મની રક્ષા કરશો તો ધર્મ તમારી રક્ષા કરશેઃ જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ



સુરતઃ વેસુ સ્થિત શિવકાર્તિક એપાર્ટમેન્ટના ગૃહ જિનાલયે શાંતિધારા અભિષેક પ્રસંગે જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જો તમે ધર્મની રક્ષા કરશો તો ધર્મ તમારી રક્ષા કરશે. ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં અનન્ય શ્રદ્ધા પૂર્વક ધર્મનું સ્વીકારો તો તમામ આફતોમાંથી છૂટકારો મળે છે. આજે માણસને માર્કેટમાંથી બધું 'બ્રાન્ડેડ' જ જોઈએ છે. જેવું તેવું નબળું ચાલતું નથી. જીવનને પણ 'બ્રાન્ડેડ' બનાવવું જોઈએ. જીવનનાં ક્ષેત્રે દોષોનું દહન કરવું જરૂરી છે. ધનપ્રાપ્તિ માટે માણસ જેટલા પ્રયાસો કરે છે, એટલા પ્રયત્નો ગુણપ્રાપ્તિ માટે કરે તો જીવન નંદનવન બની જાય. જ્યાં જ્યાં તમારી નજર પડે ત્યાં સારું વધુ દેખાય છે કે નબળું ? એ પહેલાં નક્કી કરો. જો સારું જોવાની ટેવ હશે તો તમે સારા બનશો પણ જો ખરાબ જોવાની ટેવ હશે તો તમે ખરાબ બન્યા વિના નહીં રહો. જીવનનાં પ્રત્યેક ક્ષેત્રે બદલાવ લાવવાની જરૂર છે.